# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

*****************************************************

**1)** **ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે થયેલા ઐતિહાસિક વ્યાપક આર્થિક અને વેપાર કરાર આજથી અમલમાં - અમદાવાદ, સુરત અને ભરુચથી ઉત્પાદનોનો પ્રથમ નિકાસ જથ્થો રવાના કરાયો.**

**2)** **સુરતમાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપાર-ધંધાને પૂર્વવત્ કરવા સરકાર દ્વારા પુનઃવસન સહાય પેકેજ જાહેર.**

**3)** પોરબંદરમાં ગ્રીન ફિલ્ડ શીપ બિલ્ડીંગ કલસ્ટર અને વાડીનારમાં જહાજ સમારકામ સુવિધાને કેન્દ્ર સરકારની મંજૂરી.

**4)** **અમદાવાદમાં રથયાત્રા પૂર્વે જગન્નાથ મંદિરમાં ભક્તોનું ઘોડાપૂર –ગજરાજોનું વિધિવત પૂજન - ભક્તોએ ભગવાનના સોનાવેશના દર્શન કર્યા.**

**5)** **અમદાવાદમાં લોખંડી પોલીસ બંદોબસ્ત વચ્ચે ભગવાન આવતીકાલે નગરચર્યાએ નીકળશે - વહેલી સવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળા આરતી કરશે.**

**6)** રાજ્યભરમાં આગામી 22 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJ INDI BRITAIN FTA

ભારત અને યુનાઈટેડ કિંગડમ વચ્ચે થયેલા ઐતિહાસિક વ્યાપક આર્થિક અને વેપાર કરાર – C.E.T.A. આજથી સત્તાવાર રીતે અમલમાં આવ્યો છે. આ કરાર હેઠળ અમદાવાદ, સુરત અને ભરુચ ઝઘડિયા GIDC સહિતની જગ્યાઓએથી આજે યુનાઈટેડ કિંગડમ માટે વિવિધ ઉત્પાદનોની પ્રથમ નિકાસ જથ્થો રવાના કરાયો.

સુરત ડાયમંડ બુર્સ ખાતેથી જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સહયોગથી ઉત્પાદનોના પ્રથમ નિકાસ જથ્થાને લીલીઝંડી અપાઈ. આ અંગે કાઉન્સિલના પ્રાદેશિક અધ્યક્ષ જયંતી સાવલિયાએ પ્રતિક્રિયા આપી.

(BYTE : JAYNTI SAVLIYA, CHAIRMAN, GEM AND JWELLERY)

ઉલ્લેખનીય છે કે આ કરારથી ભારતની નિકાસ થતી 99 ટકા વસ્તુઓ પર બ્રિટનના બજારોમાં કોઈ કર નહીં લાગે. રાજ્યભરના ઉદ્યોગકારો દ્વારા આ કરારને વ્યાપક આવકાર મળી રહ્યો છે.

# SURAT RELIEF PACKAGE GOVT

સુરતમાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપાર-ધંધા ઝડપથી પૂર્વવત્ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા  પુનઃવસન સહાય પેકેજ જાહેર કરાયું છે. ગાંધીનગરમાં યોજાયેલી રાજ્યમંત્રીમંડળમાં આ અંગે લેવાયેલા નિર્ણયની માહિતી આપતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, આ પેકેજ અંતર્ગત અસરગ્રસ્ત વિસ્તારોમાં લારી-રેકડીધારકોને સાત હજાર 500, 40 ચોરસ ફૂટ સુધીની નાની સ્થાયી કેબિનધારકોને 25 હજાર, 40 ચોરસ ફૂટથી મોટી કેબિનધારકોને 50 હજાર રૂપિયા અને છેલ્લા ત્રિમાસિકનું જીએસટી રિટર્ન ભરેલું હોય તેવા દુકાનધારકોને એક લાખ રૂપિયાની રોકડ સહાય ચૂકવાશે. આ માટે આગામી 30 સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

દરમિયાન બેઠકમાં રાજ્યના જે વિસ્તારમાં વરસાદ ઓછો પડશે ત્યાં ગૌશાળા, પાંજરાપોળ અને રખડતાં પશુઓને પૂરતો ચારો આપવાનો પણ નિર્ણય લેવાયો હોવાનું શ્રી સંઘવીએ ઉમેર્યું.

# VADINAR SHIV BUILDING CLUSTER

પોરબંદરમાં ગ્રીનફિલ્ડ શિપબિલ્ડિંગ ક્લસ્ટર અને દેવભૂમિદ્વારકાના વાડીનારમાં એક હજાર 570 કરોડ રૂપિયાની જહાજ સમારકામ સુવિધા માટે નાણાકીય સહાયને મંજૂરી અપાઈ છે. કેન્દ્રીય બંદર, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે આ અંગે કહ્યું, પોરબંદરના કુછડી ખાતે અંદાજે બે હજાર એકરમાં ફેલાયેલા આ સંકલિત દરિયાઈ ઉત્પાદન ક્લસ્ટરમાં આધુનિક શિપયાર્ડ, આનુષંગિક ઉત્પાદન એકમ, સામાન્ય માળખાકીય સુવિધા અને ક્ષમતા વિકાસ કેન્દ્ર સામેલ હશે. તે ગુજરાતને હેવી-ટનેજ જહાજોના નિર્માણ માટે એક મોટા કેન્દ્ર તરીકે સ્થાપિત કરશે.

શ્રી સોનોવાલે કહ્યું, વાડીનાર ખાતે કોચીન શિપયાર્ડ લિમિટેડ અને દીનદયાળ બંદર સત્તામંડળ દ્વારા સંયુક્ત રીતે તૈયાર થનારી આ પરિયોજનાથી વાડીનારના અગ્રણી આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગ પર તેના વ્યૂહાત્મક સ્થાન તેમજ મુંદરા અને દીનદયાળ બંદર સાથેની તેની નિકટતાનો લાભ ઉઠાવીને, આ સુવિધા ભારતના અગ્રણી જહાજ સમારકામ કેન્દ્ર પૈકીના એક તરીકે ઉભરી આવે તેવી અપેક્ષા છે.

# SACHIVALAY NAVI BHARATI

રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર સચિવાલયમાં  સેક્શન ઑફિસર વર્ગ બે-ના 28 નવા પદને મંજૂરી અપાઈ છે. આ નિર્ણયથી મુખ્યમંત્રી કાર્યાલય સહિત 26 વિભાગ અને 19 કચેરીને વધારાનું કાર્યબળ મળશે. સચિવાલયમાં અધિકારીઓની સંખ્યા વધતા સરકારી કામકાજ અને ફાઈલોના નિકાલમાં પણ વધુ ઝડપ આવશે. તેમજ વધતા વિકાસલક્ષી પ્રૉજેક્ટ, નવી યોજનાઓ અને વિભાગીય કામગીરીના વધતા વ્યાપને ધ્યાનમાં રાખીને લેવાયેલો આ નિર્ણય વહીવટી તંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# JAMNAGAR POLLUTION CONTROL BOARD

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની જામનગર પ્રાદેશિક કચેરી દ્વારા વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાં સ્થળ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, તપાસ દરમિયાન બે ઔદ્યોગિક એકમો બોર્ડના નિયત ધોરણોનું પાલન ન કરતા હોવાનું ખુલતા, તેમની સામે કડક પગલાં લેવા ગાંધીનગર વડી કચેરી ખાતે રિપોર્ટ મોકલાયો છે. જેમાં 21 એકમોને કારણદર્શક (શો-કોઝ) નોટિસ ફટકારાઈ છે.અને 13 એકમોને તાત્કાલિક અસરથી બંધ કરવાના હુકમો પાઠવવામાં આવ્યા છે જીપીસીબી જામનગરના અધિકારી જી બી ભટ્ટે વધુ માહિતી આપી છે.

(BYTE : G. B. BHATT, OFFICER - GPCB JAMNAGAR)

# AMD RATHYATRA

અમદાવાદમાં આવતીકાલે અષાઢી બીજ નિમિત્તે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149-મી રથયાત્રાને ગણતરીના કલાકો બાકી છે. ત્યારે ભક્તો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ભક્તોએ આજે જગન્નાથ મંદિરમાં ભગવાન જગન્નાથજીના સોનાવેશના અલૌકિક દર્શનનો લ્હાવો લીધો. હવે આવતીકાલે સવારે ચાર વાગ્યે મંદિરમાં મંગળા આરતી કરાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. ત્યારબાદ સવારે સાડા ચાર વાગ્યે ભગવાનને ખીચડીનો ભોગ ધરાવાશે. સવારે સાડા પાંચથી છ વાગ્યે ભગવાનને રથમાં બિરાજમાન કરાશે. ત્યારબાદ સવારે સાત વાગ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પહિંદ વિધિ કરી રથયાત્રાનો વિધિવત્ પ્રારંભ કરાવશે.

## (.... વૉઈસકાસ્ટઃ પ્રવેશ અડિએચા)

*(....અષાઢી બીજના પાવન અવસરે એટલે કે, આવતીકાલે અમદાવાદમાં નગરચર્યાએ નીકળવા ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રાજી અને ભાઈ બળભદ્રજી સાથે સંપૂર્ણ રીતે તૈયાર છે. ભક્તો પણ ભગવાનની એક ઝલક જોવા અને તેમના દર્શન કરવા કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આજે જમાલપુર જગન્નાથ મંદિરના પ્રાંગણમાં ભગવાનના ત્રણેય ઐતિહાસિક રથની પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાનારી આ વિધિ બાદ રથયાત્રાની તૈયારીઓને આખરી ઓપ અપાયો. સાથે જ રથયાત્રાની અગ્રભાગે રહેનારા અને પરંપરાગત રીતે ભગવાન ગણપતિના સ્વરૂપ મનાતા ગજરાજોનું પરંપરાગત પૂજન કરાયું. આ પૂજન માટે તમામ ગજરાજોને મંદિરના હાથીખાનામાં લવાયા હતા. પૂજન પહેલાં મહાવતોએ ગજરાજનો ચંદન, કંકુ, વિવિધ રંગ તેમજ પરંપરાગત આભૂષણથી શણગાર કર્યો હતો. રથયાત્રાનું નેતૃત્વ કરનારા ગજરાજના દર્શન કરીને ભક્તોએ આશીર્વાદ મેળવ્યા.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# AMDAVAD RATHYATRA

અમદાવાદ શહેરમાં ભગવાન શ્રી જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રાના આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સમગ્ર બંદોબસ્ત અંગે માહિતી આપતા .જણાવ્યું કે રથયાત્રા શાંતિપૂર્ણ, સુરક્ષિત અને નિર્વિઘ્ન રીતે પૂર્ણ થાય તેમજ કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે અમદાવાદ શહેર પોલીસ દ્વારા વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર પોલીસ દળ અત્યાધુનિક સાધનો અને ટેક્નોલોજીથી સજ્જ છે અને દરેક પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ છે.

(BYTE : ANUPAMSINH GEHLOT.. POLICE COMMISSIONER. AHMEDABAD)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# KHEDA DAKOR RATHYATRA

ખેડાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં રોહિણી નક્ષત્ર પ્રમાણે આજે ભવ્ય રથયાત્રા યોજાઈ ગઈ. ચાંદીના રથ પર બિરાજમાન થઈ કાળીયા ઠાકોર નગરચર્યાએ નીકળ્યા હતા. રાજા રણછોડના બાળસ્વરૂપ ગોપાલ-લાલજી મહારાજે ચાલીને તેમના ભક્તોને દર્શનનો લ્હાવો આપ્યો. આ અંગે રાજા રણછોડરાયજી મંદિરના પૂજારી સંજય સેવકે વધુ માહિતી આપી.

(BYTE: SANJAY SEVAK, POOJARI, DAKOR RANCHHODRAYJI MANDIR )

# STATE WEATHER FORECAST

રાજ્યમાં થોડા દિવસના વિરામ બાદ આજે સાંજે 6 વાગ્યા સુધીમાં 81 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. સૌથી વધુ 2 ઇંચ જેટલો વરસાદ ખેડાના નડિયાદ અને વલસાડના પારડી તાલુકામાં નોંધાયો. દરમિયાન રાજ્યભરમાં આગામી 22 તારીખ સુધી સામાન્ય વરસાદની આગાહી છે. માછીમારોને પણ 17થી 19 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

# RAIN

રાજયમાં આગામી સાત દિવસ સામાન્યથી મધ્યમ વરસાદ પાડવાની હવામાન વિભાગે આગાહી કરી છે.આવતીકાલે 16 જુલાઈના રોજ અમદાવાદમા થંડર સ્ટ્રોમ સાથે છૂટો છવાયો વરસાદ પડી શકે છે. જ્યારે મોરબી શેહરમાં અને ગામમાં અલગ અલગ વિસ્તારમાં આજે ધીમીધારે વરસાદ વરસ્યો હતો.

હળવદમાં પણ ક્યાક ક્યાંક વરસાદી છાંટા પડ્યા હતા. સુરેન્દ્રનગરમાં અત્યારે હળવો વરસાદ નોધાયો છે.

# MSN DRM VED PRAKASH VISIT

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશે મહેસાણાની મુલાકાત લીધી. કટોસણ રોડ વિસ્તારમાં યોજાયેલી એક બેઠકમાં જનપ્રતિનિધિઓ, વેપારી સંગઠનો અને સ્થાનિક પ્રતિનિધિઓએ રેલવે સુવિધાઓ સંબંધિત વિવિધ માગણીઓ અને સૂચનો રજૂ કર્યા. તે મુજબ, કટોસણ રોડ રેલવેમથક પરથી પસાર થતી ભાવનગર-હરિદ્વાર એક્સપ્રેસનું કટોસણ મથક પર 2 મિનિટનું સ્ટોપેજ આપવા, સાબરમતી-રણુજ મેમુ સેવાને ચાંદખેડા, ખોડિયાર, કલોલ, કડી, કટોસણ રોડ અને બહુચરાજી થઈને સંચાલિત કરવા તેમજ તેને સવાર, બપોર અને સાંજ એમ ત્રણ સમયે ચલાવવાની વ્યવસ્થા કરવાની માગ કરવામાં આવી.

ઉપરાંત મહેસાણા-કટોસણ રોડ વિરમગામ ટ્રેનને આગળ ઓખા સુધી લંબાવવાનું સૂચન કરાયું. તો, રણુજ-બહુચરાજી-કટોસણ રોડ-કડી-કલોલ-સાબરમતી-સુરત-વાપી વચ્ચે નવી પેસેન્જર ટ્રેન શરૂ કરવાનો પ્રસ્તાવ પણ રજૂ કરાયો.

# GUPT NAVRATRI

આજથી ગુપ્ત નવરાત્રીનો પ્રારંભ થયો છે. જૂનાગઢમાં ગિરનાર ઉપર આવેલ અંબાજી મંદિર સહિત નાના-મોટા અનેક માઇસ્થાનકોમાં માતાજીના બેઠા ગરબા વિશેષ શણગાર અને આરતી સહિતના આયોજનો કરવામાં આવ્યા છે જે અષ્ટમી એ હવન સાથે પૂર્ણ થશે. બીજી તરફ આવતીકાલે જૂનાગઢમાં ભગવાન જગન્નાથજીની 22મી રથયાત્રા પણ નીકળશે.

# LADY GOVERNOR SMT. DARSHANA

ગાંધીનગર લોકભવન ખાતે લેડી ગવર્નર દર્શના દેવીજીના જન્મદિવસના અવસરે રક્તદાન શિબિર યોજાઇ ગઈ. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તથા લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીજીએ રક્તદાન કરી રહેલા સુરક્ષા જવાનો, વિદ્યાર્થીઓ અને નાગરિકો પ્રત્યે આભાર વ્યક્ત કરી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.આ શિબિરમાં 753 યુનિટ જેટલો રક્તનો જથ્થો એકત્રિત થયો હતો. આ શિબિરમાં ચંદીગઢથી આવેલા રણદીપસિંહ બદ્દાએ તેમના જીવનનું 200મું રક્તદાન કર્યું હતું.